મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૦ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

ઉવારસદમાં મંડપ ડેકોરેટર્સના ગોડાઉનમાં આગ

બાજુના ઘરે લગ્ન પ્રસંગ હતો ને ફટાકડા ફોડતા હતા તેના તણખલા ઉડીને ગોડાઉનમાં પડતા આગ ભભુકી

ગાંધીનગર, તા.૬

ઉવારસદ ગામમાં અંબિકાનગર સોસાયટીમાં આવેલા મંડપ ડેકોરેટર્સના ગોડાઉનમાં બપોરના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. મંડપ ડેકોરેટર્સનું ગોડાઉન જયાં હતું તેની બાજુમાં એક મકાનમાં લગ્નપ્રસંગ હતો. લગ્નના ફટાકડા ફોડાઈ રહ્યા હતા ત્યારે ફટાકડાનું તણખલું ઉડીને ગોડાઉનમાં પડતા આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટનાની જાણ થતા કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને ડેકોરેટીંગનો સામાન બળીને ખાખ થઈ જાય તે પહેલા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈને મોટું નુકશાન થતા બચાવી દીધું હતું.

ઉવારસદ ગામમાં અંબિકાનગર સોસાયટીમાં પ્લોટ નં. ૧ ખાતે વારાહી મંડપ ડેકોરેટર્સનું ગોડાઉન આવેલુ છે. આજે બપોરે આ ગોડાઉનની બાજુના એક ઘરે લગ્ન પ્રસંગ હતો. જેને પગલે બપોરે ફટાકડા ફોડવાનું ચાલુ હતું ત્યારે એક તણખલું ઉડીને ગોડાઉન બહાર પડેલા પડદાના બંડલ ઉપર પડતા કાપડે આગ પકડી લીધી હતી. આગ મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલા ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી દેવાતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમના કાફલા સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ ઘટનામાં નોટું નુકશાન કે જાનહાની થવા પામી ન હતી.

નિસર્ગ સાયન્સ દ્વારા 'ઊર્જા ઉત્સવ-૨૦૧૮'નું આયોજન

આવતીકાલથી પ્રારંભ થઈ રહેલા ઉત્સવમાં ક્વીઝ, પોસ્ટર મેકિંગ, ગેમ્સ, ડ્રોઈંગ કોમ્પિટીશન, ફિલ્મ શો ઉપરાંત મોડેલ મેકિંગ યોજાશે

ગાંધીનગર, તા.૬

સાંપ્રત સમયમાં થઈ રહેલા ઊર્જાના બેફામ વ્યય અંગે જાગૃતિ ફેલાવવા ગાંધીનગર જિલ્લાની ૬૦ માધ્યમિક શાળાઓમાં 'ઉર્જા ઉત્સવ-૨૦૧૮' ઉજવવાનું નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. 'એનર્જી અવેરનેસ જનરેશન પ્રોગ્રામ્સ ઓન સસ્ટેનેબલ એનર્જી' થીમ આધારિત આ વર્ષે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. 'ઉર્જા ઉત્સવ ૨૦૧૮'ની ઉજવણી દરમિયાન ઊર્જા પોસ્ટર પ્રદર્શન, ઊર્જા કવિઝ, ઊર્જા બચત અંગે વ્યાખ્યાન, ઊર્જા મોડેલ મેકીંગ, ઊર્જા જાગૃતિ ફિલ્મ, ઊર્જા રમતો તેમજ ઊર્જા પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમો યોજાશે.

ગુજકોસ્ટ તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે આયોજિત ઊર્જા ઉત્સવમાં જિલ્લાની ૬૦ શાળાઓમાં કાર્યક્રમો યોજાશે તેનો પ્રારંભ તા. ૮મી માર્ચે સવારે ૧૦ કલાકે ગાંધીનગરના સેકટર-૧૬ ખાતેની મહાત્મા ગાંધી વિદ્યામંદિરથી થશે. આ કાર્યક્રમના ઉદઘાટક જિલ્લા કલેકટર સતીષ પટેલ રહેશે તથા મુખ્ય મહેમાન પદે ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને અતિથિ વિશેષ પદે ઊર્જા વિકાસ એજન્સીના નિયામક ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત કલાયમેટ ચેન્જ વિભાગના સંયુકત સચિવ મુકેશ શાહ, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલ પટેલ અને મહાત્મા ગાંધી વિદ્યામંદિરના આચાર્ય જી.જે. ગઢવી પણ ઉપસ્થિત રહેશે. ઊર્જા ઉત્સવ કાર્યક્રમમાં ઊર્જા સંરક્ષણ વિષયે ચિત્ર સ્પર્ધા અને ઊર્જા કવિઝ યોજાશે. જેમાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહેશે. વિજેતાઓને શિલ્ડ તથા પ્રમાણપત્રોથી સન્માનવામાં આવશે.

ઉવારસદ પાસે ચાલુ ટ્રેકટરે ડ્રાઈવર ગબડી પડતાં મૃત્યુ

ગાંધીનગર, તા.૬

ઉવારસદ ખાતેના જે.બી. ઈંટોના ભઠ્ઠે કામ કરતો ટ્રેકટર ચાલક યુવાન ચોથી માર્ચે રાત્રે વાવોલ ગામમાં મિત્રના લગ્નપ્રસંગે હાજરી આપીને પરત ઉવારસદ ટ્રેકટર લઈને જઈ રહ્યો હતો તે દરમિયાન ઉવારસદ નજીક ખાડાખડીયામાં અચાનક કોઈ રીતે ડ્રાઈવર સીટ ઉપરથી ચાલુ ટ્રેકટરે નીચે ગબડી જતા યુવાનનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસ ગુનો નોંધી ઘટનાની વધુ તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ ઉવારસદ ગામની સીમમાં જે.બી.ના ઈંટોના ભઠ્ઠા ઉપર કામ કરતો યુવાન શ્રવણ મોહનભાઈ ઠાકુર રવિવારે સાંજે તેની સાથે કામ કરતા મિત્રના લગ્ન પ્રસંગે વાવોલ ખાતે હાજરી આપવા ગયો હતો. રાત્રે વાવોલથી ટ્રેકટર લઈને ઉવારસદ તરફ જઈ રહ્યો હતો ત્યારે ખાડાખડીયામાં ટ્રેકટરની ડ્રાઈવર સીટ ઉપરથી નીચે ગબડી પડતા શ્રવણ ઠાકુરને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ ઘટનામાં ગભીર રીતે ઈજાગ્રસ્ત શ્રવણને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયો હતો. જોકે તેનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

નારાયણી હાઈટસ સામે કારના કાચ તોડી લેપટોપની ઉઠાંતરી

લગ્નપ્રસંગે હાજરી આપવા ગયેલા ટેકનીકલ મેનેજરની આઈ-૧૦ને ગઠીયાઓએ ટાર્ગેટ બનાવી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક કોબા-ઈન્દિરાબ્રિજ માર્ગ ઉપર આવેલી નારાયણી હાઈટસ હોટલમાં ૨૦ ફેબ્રુઆરીએ લગ્નપ્રસંગ હતો. મુંબઈની આર.પી.જી. કંપનીમાં ટેકનીકલ મેનેજર તરીકે નોકરી કરતા અને સેકટર-૩ એ ન્યુ ખાતે રહેતા અલ્પેશભાઈ કનુભાઈ ક્રિશ્ચિયન આ પ્રસંગમાં પોતાની આઈ-૧૦ ગાડી લઈને હાજરી આપવા ગયા હતા. લગ્ન પ્રસંગમાં હાજરી આપીને પરત ગાડી પાસે અલ્પેશભાઈ પહોંચ્યા અને જોયું તો તેમની આઈ-૧૦ ગાડીના કાચ તુટેલા હતાં. ગાડીના કાચ તોડી કોઈ ગઠીયો તેમાંથી રૂ. ૩૦ હજારની કિંમતનું ડેલ કંપનીનું લેપટોપ ઉઠાવી ફરાર થઈ ગયો હતો. આ મામલે હવે ગાડી માલિકે લેપટપની ઉઠાંતરીની ઘટના મામલે અડાલજ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલિસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સે-૨૭માં દરોડો પાડી પોલિસે દારૂનો જથ્થો પકડયો

સ્વસ્તિક સોસાયટીમાં દરોડો પાડી ૬૦ બોટલ વિદેશી દારૂ સાથે સે-૨૧ પોલિસે એકને દબોચી લીધો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં આજકાલ સેકટરોમાંથી દારૂ મળવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે ત્યારે સે-૨૭ ખાતે સ્વસ્તિક સોસાયટીમાં એક મકાનમાં વિદેશી દારૂ સંતાડવામાં આવ્યો હોવાની બાતમીને આધારે સે-૨૧ પોલિસની ટીમે દરોડો પાડી મકાનમાંથી ૬૦ નંગ વિદેશી દારૂની બોટલ સાથે એકને દબોચી લીધો હતો. સે-૨૧ પોલિસે રૂ. ૯૬૦૦ના મુદ્દામાલ સાથે એકની ધરપકડ કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૨૧ પી.આઈ. નિરજ પટેલની સુચનાથી તેમની ટીમ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમિયાન ચોકકસ બાતમી મળી હતી કે સે-૨૭નાં સ્વસ્તિક સોસાયટી પ્લોટ નં. ૧૧૪૭માં રહેતા વિપુલ સોમા સોલંકીના ઘરે વિદેશી દારૂનો જથ્થો સંતાડયો છે. આ બાતમી આધારે પીએસઆઈ પી.ડી. વાઘેલાની ટીમે દરોડો પાડી મકાનમાંથી નાની-મોટી ૬૦ નંગ વિદેશી દારૂની બોટલ પકડી પાડી હતી. રૂ. ૯૬૦૦ની કિંમતનો દારૂ જપ્ત કરીને સે-૨૧ પોલિસે વિપુલ સોલંકી નામના શખ્સની ધરપકડ કરીને દારૂનો જથ્થો કયાંથી લવાયો અને કયાં વેપલો કરતો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.

શહેરમાં સેકટર-૧૧ ખાતે આવેલી બેંક ઓફ બરોડની વિધાનસભા શાખા દ્વારા જુનિયર સિટિઝન્સ કાઉન્સિલને આરોગ્ય સુરક્ષા સાધનો દાનરૂપે આપવામાં આવ્યા હતા.

બેંક ઓફ બરોડાની વિધાનસભા શાખાના મેનેજર તેમજ બેંકના સ્ટાફમિત્રો તરફથી જુનિયર સિટીઝન્સ કાઉન્સિલને ફોલ્ડીંગ વૉકર તેમજ વ્હીલચેર આપવામાં આવી હતી. સંસ્થાના આગેવાનો દ્વારા સ્વીકારવામાં આવેલા આરોગ્ય સુરક્ષાના સાધનો દર્દી તેમજ જરૂરિયાતમંદ લોકો ઉપયોગ કરી શકે તેવા હેતુથી અર્પણ કરવામાં આવ્યા હતા. સેવાકાર્યને બેંકના તમામ સ્ટાફ દ્વારા બિરદાવવામાં આવ્યું હતું તેમજ જુનિયર સીટીઝન્સ કાઉન્સિલ દ્વારા તમામનો આભાર માનવામાં આવ્યો હતો.

મુકિતધામ ખાતે શહેર વસાહત મહામંડળ દ્વારા પુષ્પાંજલિ યોજાશે

હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જનનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા જુનિયર સીટીઝન કાઉન્સિલના સહયોગથી ૧૦મી માર્ચને શનિવારે સવારે ૯.૧૫ કલાકે સેકટર-૩૦ના મુકિતધામ ખાતે અંતિમ સંસ્કાર પામેવા સ્વજનો માટે પુષ્પાંજલિ અને પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ૧૨મી માર્ચે સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન અવસાન પામેલા સ્વજનોની અસ્થિવિસર્જન વિધિ હરિદ્વારમાં કરવામાં આવશે.

શહેરના મુકિતધામ અને કુડાસણ અંતિમધામ ખાતે અંતિમ સંસ્કાર પામેલા સ્વજનોના અસ્થિ વિસર્જન માટે શનિવારે પુષ્પાંજલિ અને પ્રાર્થનાસભાનું આયોજન સેકટર-૩૦ ખાતેના મુકિતધામ ખાતે કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત તા. ૮-૧૨-૨૦૧૭થી તા. ૯-૩-૨૦૧૮ દરમિયાન અવસાન પામેલા સ્વજનોના અસ્થિ વિસર્જન માટે ઉદય ત્રિવેદી અને કરશન પરમાર ૧૦મી માર્ચે હરિદ્વાર માટે પ્રસ્થાન કરશે. હરિદ્વાર હરકીપેઢી ખાતે ૧૨મી માર્ચે સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન અસ્થિ વિસર્જન વિધિ કરવામાં આવશે.

હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જન વિધિ પહેલા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જુનિયર સિટિઝન કાઉન્સિલના સહયોગથી યોજાનારી પ્રાર્થના સભા, પુષ્પાંજલિ અને અસ્થિપ્રસ્થાનમાં જોડાવા માટે સ્વજનો તથા નાગરિકોને મહામંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે.

શહેરના ઘ-૨ થી ઘ-૦ સુધીના માર્ગ પર અંધારપટ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના મુખ્ય રાજમાર્ગ ગણાતા ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૦ તરફ જવાના માર્ગ પર અંધારપટ છવાયો છે, તો બીજીતરફ સેકટર-૩ના આંતરીક માર્ગ પરની પણ કેટલાક વીજપોલની લાઈટો ડુલ થઈ જવા પામી છે. નવા સેકટરોમાં સાંજ ઢળતા જ અંધકારમાં ફેરવાઈ જવા પામે છે. ત્યારે વસાહતીઓને રાત્રીના સમયે આંતરીક માર્ગોની લાઈટો બંધ હોવાથી ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. જયારે રાત્રીના સમયે રોડ ક્રોસ કરતા નાગરીકોને નાના મોટા અકસ્માત પણ સર્જાય છે.

ગાંધીનગર શહેરના માર્ગો તેમજ આંતરીક સેકટરોમાં રાત્રીના સમયે ઝગમગાટ રહે તે માટે તંત્ર દ્વારા હજજારો વિજપોલ ફીટ કરવામાં આવ્યા છે. શહેરમાં રાત્રીના સમયે પણ દિવસ જેવો માહોલ જોવા મળે છે. સાંજ ઢળતા જ ઓટોમેટીક વિજપોલ શરુ થઈ જાય છે અને સવારે બંધ થઈ જાય છે. પરંતુ જાળવણીના અભાવે શહેરના કેટલાક વિસ્તારના વિજપોલ બંધ હાલતમાં જોવા મળે છે. રાત્રીના સમયે સેકટરો તેમજ મુખ્ય માર્ગો પર અંધકાર હોવાથી નાગરીકોને રાત્રીના અંધકારમાં ચોરીનો ભય સતાવે છે. જયારે છોકરાઓ ઘરની બહાર નીકળતા પણ ડર અનુભવે છે. શહેરના મુખ્ય ઘ માર્ગ પર ઘ-૨ થી ઘ-૦ તરફના માર્ગ પર લાઈટો ડુલ હોવાથી આ વિસ્તાર અંધકારમાં ગરકાવ થઈ જવા પામે છે. જયારે રાત્રીના સમયે માર્ગ ક્રોસ કરવો પણ મુસીબત સમાન બને છે. આ માર્ગ પર વાહનચાલકો અને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.તો બીજીતરફ સેકટરના આંતરીક માર્ગ પરની પણ વિજપોલ બંધ હાલતમાં રહેતા સેકટરમાં પણ અંધારુ જોવા મળી રહ્યું છે. ત્યારે તંત્ર સમક્ષ રજુઆત કરતા થોડા સમય માટે મરામત પછી લાઈટો ચાલુ થઈ જાય છે અને થોડાક સમયમાં જ બંધ પણ થઈ જાય છે. નાગરીકો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગોની બંધ લાઈટો શરુ થતી નથી. ત્યારે મુખ્ય માર્ગની તેમજ સેકટરના આંતરીક માર્ગના વિજપોલની લાઈટ શરુ થાય તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.જયારે દિવસે શરુ રહેતા વિજપોલની લાઈટો સમયસર બંધ થાય તેવી પણ પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે.

કેન્સર પિડિતો માટે સંગીત પીરસતા વિદ્યાર્થીઓ

વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટના ૧૫ વિદ્યાર્થીઓએ કેન્સર પિડિતોના રીહેબીલીટેશન માટે મ્યુઝિક થેરેપીની સેવા પુરી પાડી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર પાસેના ચાંદખેડાની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટના ૧૫ વિદ્યાર્થીઓ કેન્સરના દર્દીઓ માટે સંગીત થેરેપી પુરી પાડવામાં મદદરૂપ થયાં છે. ચેન્નઈના અશ્વિન મહારાજા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદની કેન્સર હોસ્પિટલના દર્દીને મ્યુઝિક થેરેપી થકી રીહેબીલીટેશન પુરું પાડવાના કાર્યમાં આ યુવાનોએ સંગીત પીરસવાનું સેવા કાર્ય કર્યું હતું.

આજકાલ યુવા વિદ્યાર્થીઓ સંગીત સાથે વધુ જોડાયેલા જોવા મળે છે, તેમાં સંગીત થકી કેન્સર જેવા મહારોગના દર્દીઓને રાહત પુરી પાડવાનું સેવા કાર્ય કરવાનુ હોય તેમાં યુવાનો સ્વૈચ્છિક રીતે જોડાઈ સેવા આપે તે પ્રસંશનીય છે. જીટીયુ સંલગ્ન વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજના એનએસએસ યુનિટના ૧૫ વિદ્યાર્થીઓ જેઓને સંગીતની લગની હતી તેમણે પોતાની આવડતનો ઉપયોગ સમાજસેવાના ઉમદા કાર્ય માટે કર્યો છે. આ વિદ્યાર્થીઓ પૈકીના એક ગિટારિસ્ટ વિદ્યાર્થી સેમ થોમસે જણાવ્યું હતું કે, 'અમારા સંગીતને સાંભળ્યા પછી કેન્સર પિડિતોના ચહેરાં પર સ્મિત રેલાતું જોઈ મારા જીવનમાં અમને ખૂબ શાંતિ અને મોટો આનંદ પુરો પાડે છે.' આ ગૃપની ગાયિકા યુવતિ રક્ષાબાલાએ જણાવ્યું હતું કે 'આ દર્દીઓને તેમની તમામ પીડા હોવા છતાં નાની નાની બાબતે સ્મિત રેલાવતા જોઈ આનંદિત થાઉ છું, હવે મેં નક્કી કર્યું છે કે હું આનંદ અને ખુશી ફેલાવવા માટે મારી કલાનો ઉપયોગ કરીશ.' અત્રે ઉલ્લેખનીય છે કે કન્સર પિડિતો માટે સંગીત થેરેપીનો ઉપયોગ કરનાર અશ્વિન મહારાજા ફાઉન્ડેશનના અશ્વિન મહારાજ નાનપણથી સમાજના નબળા વર્ગોને મદદરૂપ થવા માટે કાર્યરત હતા. તેમને માર્ચ ૨૦૧૫માં થયેલા તીવ્ર મેલોઈડ લેકેમિયાનો શિકાર થયા બાદ સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યુ હતું. આ સારવારના સંઘર્ષ દરમિયાન તેમણે કેન્સરને હટાવવા તથા સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ અંગે જાગૃતિ ફેલાવવા સંગીત ઉપચાર તેમજ ધ્યાન થકી રીહેબીલીટેશન માટે પ્રયાસો પ્રારંભ કર્યા હતા.

વાતવાતમાં

● ગુરુવારે રાજય સરકાર દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે તે દિવસે જન્મનાર તમામ બાળકીઓને 'નન્હી પરી અવતરણ' કાર્યક્રમ હેઠળ શુભેચ્છા ભેટ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના આયોજન માટે જિલ્લા કલેકટરની આગેવાનીમાં વહીવટીતંત્રની ટીમ અને એસ.પી.ની આગેવાની હેઠળ પોલિસતંત્રની ટીમ દ્વારા સંયુકત રીતે સિવિલ હોસ્પિટલ, સત્યાગ્રહ છાવણી નજીકનો શ્રમજીવી વિસ્તાર વગેરે સ્થળોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આજે લીટલ એન્જલ શાળાનો વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૬

લીટલ એન્જલ શાળાનો વાર્ષિકોત્સવ આજે બુધવારે સવારે ૧૦ કલાકે શહેરના ટાઉનહોલ ખાતે યોજાશે. કાર્યક્રમમાં નાના ભૂલકાંઓ અવનવા ગીતો ગાઈને અને નૃત્ય કરીને ઉપસ્થિત મહેમાનોનું મનોરંજન કરશે. આ પ્રસંગે ભૂલકાઓને પ્રોત્સાહન આપવા માટે શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓના માતા-પિતા તેમજ દાદા-દાદી ઉપસ્થિત રહેશે.

મહિલા દિન નિમિત્તે કાનુની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૬

વિશ્વની મહિલાઓના સન્માનમાં દર વર્ષે સમગ્ર દુનિયા ૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણી કરે છે.

આગામી તા. ૮મીએ મહિલા દિનના ઉપલક્ષ્યમાં ગાંધીનગરમાં પણ વિવિધ રીતે ઉજવણી કરવામાં આવશે. પેરા લિગલ વોલન્ટીયર્સ દ્વારા મહિલા દિન નિમિત્તે મહિલાઓ તથા સિનિયર સિટિઝન્સ માટે કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે માટે સેકટર-૩, ઘ-૧ પાસે વગડાવાળી માતાજીના મંદિર પાસે સવારના ૧૦ થી ૧૨.૩૦ સુધીમાં યોજાશે.

આ કાનુની શિબિરમાં પી.એલ.વી.ના જયરામભાઈ સોની, દિનેશભાઈ દવે તથા સીતારામભાઈ પટેલ કાનુની માર્ગદર્શન આપશે. પી.એલ.વી. દ્વારા ગાંધીનગરના રહીશોને આ કાનુની શિબિરનો લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

ટેકવોન્ડોની 'રૂરલ ગેમ્સ નેશનલ ચેમ્પિયનશીપ'માં રાંધેજાના વિદ્યાર્થીઓ વિજેતા

ગાંધીનગર, તા.૬

આણંદ ખાતે ટેકવોન્ડોની 'રૂરલ ગેમ્સ નેશનલ ચેમ્પિયનશીપ' યોજવામાં આવી હતી. સ્પર્ધામાં રાંધેજાની જે.એસ. પટેલ વિદ્યામંદિરના નવમા ધોરણના વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા.

જે.એસ. પટેલ વિદ્યામંદિરના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ જાનકી રાવળ,મધુ રાવળ અને રવિ રાવળે આણંદ ખાતે યોજાયેલી ટેકવોન્ડોની નેશનલ ચેમ્પિયનશીપમાં પ્રથમ ક્રમાંક મેળવીને ગોલ્ડ મેડલ તેમજ શિલ્ડ પ્રાપ્ત કર્યા હતા. ત્રણેય વિદ્યાર્થીઓની પ્રવેશ ફી જગદીશ પટેલ દ્વારા આપવામાં આવી હતી. શાળા અને ગામનું ગૌરવ વધારવા માટે શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ચિરવિદાય

- સ્વ. પટેલ મંગળદાસ નાથાલાલ, ઉ.વ. ૮૦
- સ્વ. તખાભાઈ ડાહ્યાભાઈ નાયક, ઉ.વ. ૪૦
- સ્વ. ચંપીબેન બેચરજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. ત્રિવેદી રૂક્ષ્મણીબેન લાભશંકર, ઉ.વ. ૯૦